Paper Code : 3802

**MCom Sem – III (NEW COURSE)**
**JUL/SEP – 2021**
**CC 302 - STRATEGIC MANAGEMENT**

**કુલ સમય : ૬૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

---

1. નીચેના પૈકી ક્યુ લક્ષણ વ્યૂહાત્મક સંચાલન ના લક્ષણ સાથે સબંધ ધરાવતું નથી?
(A) કાર્યકારી સંચાલકો નો નિર્ણય (B) ભવિષ્યલક્ષી (C) કંપની ની જીવન ધ્યેય ઘડતર પ્રાથમિક કાર્ય (D) બાહ્ય પર્યાવરણ ના સતત મૂલ્યાંકન ની જરૂર
2. વ્યૂહાત્મક સંચાલન એટલે શું?
(A) લાંબા ગાળા ની પ્રક્રિયા (B) બાહ્ય પર્યાવરણ નું મૂલ્યાંકન (C) ભાવિ પડકારો ને પહોચી વળવા માટેનો કાર્યક્રમ (D) ઉપરોક્ત બધા જ
3. માર્ગદર્શિકાઓ નો સમૂહ કે જે નિર્ણય ઘડતર માટે મદદરૂપ થાય છે એટલે –
(A) નીતિ (B) વ્યૂહરચના (C) હેતુ (D) જીવનધ્યેય
4. વ્યૂહાત્મક સંચાલન ના નાણાકીય ફાયદાઓ સાથે નીચેના પૈકી કોણ સબંધ ધરાવતું નથી?
(A) પરીવર્તન નો વિરોધ વધે (B) વેચાણ અને નફાકારકતામાં વધારો
(C) સ્પર્ધાત્મક પર્યાવરણ માં નફાકારક અસ્તિત્વ (D) મૂડી પેડતર માં ઘટાડો
5. વ્યૂહાતમ સંચાલન ની સપાટીઓ માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે?
(A) કોર્પોરેટ સપાટી (B) ધંધાકીય એકમ ની સપાટી (C) કાર્યકારી સપાટી (D) ઉપરોક્ત બધા જ
6. સંચાલક મંડળ, મેનેજિંગ ડિરેક્ટર, સી.ઈ.ઓ. વગેરે વ્યૂહરચના ની કઈ સપાટી એ કાર્ય કરે છે?
(A) કોર્પોરેટ સપાટી (B) ધંધાકીય એકમ ની સપાટી (C) કાર્યકારી સપાટી (D) ઉપરોક્ત બધા જ
7. કઈ સપાટી ની વ્યૂહરચનાઓ નો સમયગાળો તુલનાત્મક સૌથી ટૂંકો હોય છે?
(A) કોર્પોરેટ સપાટી વ્યૂહરચના (B) ધંધાકીય એકમ ની સપાટી વ્યૂહરચના (C) કાર્યકારી સપાટી વ્યૂહરચના (D) ઉપરોક્ત બધા જ
8. કંપની ના જીવન ધ્યેય નું ઘડતર વ્યૂહરચના ની કઈ સપાટીએ થાય છે?
(A) કોર્પોરેટ સપાટી વ્યૂહરચના (B) ધંધાકીય એકમ ની સપાટી વ્યૂહરચના (C) કાર્યકારી સપાટી વ્યૂહરચના (D) ઉપરોક્ત બધા જ
9. વ્યૂહાત્મક સંચાલન ની પ્રક્રિયા ના સૌ પ્રથમ તબક્કા નું નામ –
(A) બાહ્ય પર્યાવરણ નું મૂલ્યાંકન (B) વ્યૂહાત્મક વિશ્લેષણ અને પસંદગી (C) ગ્રાન્ડ વ્યૂહરચના (D) કંપની ના જીવનધ્યેય ની સ્પષ્ટતા
10. કંપની નો મૂળભૂત અને વિશિષ્ટ હેતુ કે જે અન્ય એકમો કરતાં ધંધા ને જુદો પાડે છે અને કંપની ની પેદાશ તથા બજાર સબંધી ક્રિયાઓના કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરે છે એટલે –
(A) દૂરદ્રષ્ટિ (B) જીવનધ્યેય (C) હેતુ (D) લક્ષ્યાંક
11. કંપની અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન શું પ્રાપ્ત કરવા માગે છે અને જે માપી શકાય એટલે –
(A) દૂરદ્રષ્ટિ (B) જીવનધ્યેય (C) હેતુ (D) લક્ષ્યાંક
12. નીચેના પૈકી ક્યુ લક્ષણ જીવન ધ્યેય નું લક્ષણ નથી?
(A) લક્ષ્યાંકો માંથી જીવનધ્યેય નું ઘડતર (B) સ્પષ્ટ અને ટૂંકું (C) કાયમી સ્વરૂપ (D) બીજા એકમો કરતાં ધંધા ને જુદો પાડે
13. "કોરોના ના દર્દીઓ માટે ભારતીય ટેકનોલોજી ની મદદ થી પોષાય તેવા ભાવે રસી વિકસાવવાની કંપની ઈચ્છા ધારવે છે". – આ નિવેદન માં મૂળભૂત પેદાશ અને પ્રાથમિક બજાર અનુક્રમે નીચેના માંથી ક્યો વિકલ્પ દર્શાવે છે?
(A) રસી અને ભારતીય બજાર (B) કોરોના ના દર્દીઓ અને ભારતીય ટેકનોલોજી
(C) રસી અને કોરોના ના દર્દીઓ (D) ભારતીય ટેકનોલોજી અને પોષાય તેવો ભાવ
14. નીચેના પૈકી ક્યુ વિધાન ખોટુ છે?
(A) વ્યૂહાત્મક સંચાલન લાંબાગાળા ની પ્રક્રિયા છે. (B) વ્યૂહરચના નું ઘડતર હરીફોની ખરેખર કે સંભવિત વર્તાણુક પર આધારિત છે.
(C) કાર્યકારી સપાટી ની તુલનામાં કોર્પોરેટ સપાટીએ ખર્ચ નું પ્રમાણ ઓછું હોય છે.
(D) કંપની ના આંતરિક વિશ્લેષણ પરથી કંપની ની રૂપરેખા નું સર્જન થાય છે.
15. નીચેના પૈકી ક્યુ વિધાન ખોટુ છે?
(A) નીતિ એ માર્ગદર્શિકા છે જ્યારે વ્યૂહરચના એ ધ્યેય સિધ્ધ કરવા લાંબાગાળા ની યોજના છે.
(B) ગ્રાન્ડ વ્યૂહરચાનોનું ઘડતર કોર્પોરેટ સપાટીએ થાય છે. (C) જીવનધ્યેય બીજા એકમો કરતાં પોતાના ધંધા ને જુદો પાડે છે.
(D) કોર્પોરેટ સપાટી ની તુલનામાં કાર્યકારી સપાટીએ નિર્ણયોનું પુનરાવર્તન ઓછું હોય છે.
16. કામગીરી પર્યાવરણ સાથે નીચેના પૈકી ક્યુ પરિબળ સુસંગત નથી?
(A) નાણાકીય સાધનોના પ્રાપ્તિસ્થાનો (B) ગ્રાહક ની ઓળખ પરિબળો (C) હરિફાઈની સ્થિતિ ના પરિબળો (D) કાનુની પરિબળો
17. E.T.O.P નુ પૂરું નામ –
(A) Economic Threats and Opportunity Profile (B) Environmental Threats and Opportunity Profile
(C) Environmental Threats and Outstanding Profile (D) Environmental Threats and Opportune Proficiently
18. નીચેના પૈકી ક્યાં પરિબળો વ્યવસ્થાતંત્રીય સમીક્ષા ને અસર કરે છે?
(A) વ્યૂહરચનાકાર (B) વ્યવસ્થાતંત્ર સ્વયં (C) આંતરિક પરિબળો (D) ઉપરોક્ત બધા જ
19. S.A.P. નુ પૂરું નામ –
(A) Surgical Advantage Profile (B) Strategic Addition Profit
(C) Strategic Advantage Preference (D) Strategic Advantage Profile
20. મૂલ્ય સાકલ વિશ્લેષણ ના શોધક કોણ હતા?
(A) જેમ્સ સ્ટોનર (B) માઈકલ પોર્ટર (C) પિયર્સ એન્ડ રોબિન્સન (D) કુન્ત્ઝ એન્ડ ઑ'ડોનેલ
21. મૂલ્ય સાંકળ વિશ્લેષણ માં વ્યવસ્થાતંત્રની વિવિધ પ્રવૃતિઓ ક્યાં બે જૂથો માં વર્ગીકૃત કરવામાં આવે છે?
(A) આંતરિક પ્રવૃતિઓ અને બાહ્ય પ્રવૃતિઓ (B) પ્રાથમિક પ્રવૃતિઓ અને ટેકારૂપ પ્રવૃતિઓ
(C) અંકુશીત પ્રવૃતિઓ અને બિનઅંકુશીત પ્રવૃતિઓ (D) વ્યવસ્થાતંત્રીય પ્રવૃતિઓ અને પર્યાવરણીય પ્રવૃતિઓ
22. S.W.O.T. વિશ્લેષણ નું પૂરું નામ –
(A) Strengths, Weaknesses, Opportunities and Things (B) Strengths, Weaknesses, Opposers and Threats
(C) Strengths, Weaknesses, Opportunities and Threats (D) Strikes, Weaknesses, Opportunities and Threats
23. નીચેના પૈકી ક્યુ વિધાન ખોટું છે?
(A) દુરોગામી પર્યાવરણ બિનઅંકુશીત છે.
(B) વ્યવસ્થાતંત્ર પોતાના વર્તમાન વર્ષના આંકડાઓ ની ભૂતકાળ ના વર્ષોના આકડાઓ સાથે સરખામણી કરે તેને ઐતિહાસિક વિશ્લેષણ કહેવાય.
(C) આર્થિક પરિબળો, સામાજિક-સાંસ્કૃતિક પરિબળો વગેરે કાર્યકારી પર્યાવરણ ના પરિબળો છે.
(D) પર્યાવરણ ના વિશ્લેષણ માટે પર્યાવરણ ની સૂક્ષ્મ તપાસ અનિવાર્ય છે.
24. લાંબાગાળા ના ઉદ્દેશો સિધ્ધ કરવા માટે પેઢીએ ઘડેલ મુળભૂત કે મુખ્ય વ્યૂહરચના એટલે –
(A) ગ્રાન્ડ વ્યૂહરચના (B) કાર્યકારી વ્યૂહરચના (C) લાંબાગાળા ની નીતિ (D) વ્યૂહાત્મક અંકુશ
25. જો કંપની પોતાના વર્તમાન ધંધા ના કાર્યક્ષેત્ર માં નોંધાપત્ર ઘટાડો કરવાની વ્યૂહરચના અપનાવે તો તેને ક્યાં પ્રકાર ની વ્યૂહરચના કહેવાય?
(A) સ્થિરતાલક્ષી વ્યૂહરચના (B) વિસ્તરણલક્ષી વ્યૂહરચના (C) સંકુચનલક્ષી વ્યૂહરચના (D) સયુંકત વ્યૂહરચના

26.જ્યારે ધંધાકીય એકમ કોઈ એક જ જગ્યાએ કારખાનું સ્થાપી, કોઈ એક જ ટેકનોલોજી ની મદદ થી એક જ પેદાશ નું ઉત્પાદન કરે ત્યારે તેને શું કહેવાય?
(A) કેન્દ્રિકરણ ની વ્યૂહરચના (B) એકત્રીકરણ ની વ્યૂહરચના (C) વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના (D) જોડાણ ની વ્યૂહરચના
27.T.V. નું ઉત્પાદન કરતી કંપની મોટર સાયકલ નું ઉત્પાદન શરૂ કરે તો તેને ક્યાં પ્રકાર ના વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના કહેવાય?
(A) સબંધિત વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના (B) અસબંધિત વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના
(C) ઉધ્વ વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના (D) સમકક્ષ વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના
28.જો ધંધા ના નુકશાન કરતાં ભાગ નું પુનઃરચના કરી , તેને વિરુધ્ધ દિશામાં લઈ જવામાં આવે એટલે કે માનવ શક્તિ , મિલકતો અને બીનજરૂરી ખર્ચાઓ માં ઘટાડો કરી, નુકશાનકારક ને નફાકારક બનાવવામાં આવે તો તેને શું કહેવાય?
(A) ટર્ન એરાઉન્ડ વ્યૂહરચના (B) વિનિવેશ ની વ્યૂહરચના (C) ફડચા ની વ્યૂહરચના (D) કેન્દ્રિકરણ વ્યૂહરચના
29.નીચેના પૈકી કઈ વ્યૂહરચનાઓ સંકુચનલક્ષી વ્યૂહરચનાઓ છે?
(A) ટર્ન એરાઉન્ડ વ્યૂહરચના (B) વિનિવેશ ની વ્યૂહરચના (C) ફડચા ની વ્યૂહરચના (D) ઉપરોક્ત બધા જ
30.નીચેના પૈકી કઈ વ્યૂહરચના સમગ્ર ધંધાકીય એકમ બંધ કરી દેવાનું દર્શાવે છે?
(A) ટર્ન એરાઉન્ડ વ્યૂહરચના (B) વિનિવેશ ની વ્યૂહરચના (C) ફડચા ની વ્યૂહરચના (D) કેન્દ્રિકરણ વ્યૂહરચના
31.પેઢીની આંતરિક ક્ષમતાઓ અને મર્યાદાઓ તથા બાહ્ય તકો અને ધમકીઓ ધ્યાનમાં રાખી જે વ્યૂહાત્મક વિકલ્પ અપનાવવાનો નિર્ણય લેવામાં આવે તેને શું કહેવાય?
(A) વ્યવસ્થાતંત્ર ની રચના (B) વ્યૂહાત્મક પસંદગી (C) વ્યૂહાત્મક અંકુશ (D) વ્યૂહરચના નું સંસ્થાનીકરણ
32.નીચેના પૈકી ક્યુ વિધાન ખોટું છે?
(A) સંકુચનલક્ષી વ્યૂહરચના એ ઘટાડાલક્ષી વ્યૂહરચના છે. (B) વૈવિધ્યીકરણ ની વ્યૂહરચના નવી પેદાશ ઉમેરવાની વ્યૂહરચના છે.
(C) ધંધાકીય એકમ ના ફક્ત અમુક ભાગો વહેંચી દેવાની વ્યૂહરચના એટલે ફડચા ની વ્યૂહરચના.
(D) વ્યૂહાત્મક પસંદગી ને હેતુલક્ષી અને આત્મલક્ષી બંને પરિબળો અસર કરે છે.
33.નીચેના પૈકી ક્યુ મોડેલ બી. સી. જી. મેટ્રિક્સ ની સુધારેલ આવૃતિ તરીકે ગણાય છે?
(A) S.W.O.T. વિશ્લેષણ (B) જી. ઇ. નવ કોષીય આયોજન જાળ (C) આકસ્મિક અભિગમ(D) ગ્રાન્ડ વ્યૂહરચના નું કલસ્ટર મોડેલ
34.વ્યૂહરચના ઘડતર અને વ્યૂહરચના અમલીકરણ વચ્ચે નો સબંધ –
(A) પરસ્પર ગાઢ સબંધ (B) એકબીજા ના અવેજી (C) એકબીજા ના વિરુધ્ધ (D) એકબીજા થી સ્વતંત્ર
35.વ્યૂહરચના ઘડતર અને વ્યૂહરચના અમલીકરણ વચ્ચે પ્રક્રિયા ના સંદર્ભ માં શું તફાવત છે?
(A) વ્યૂહરચના ઘડતર અને વ્યૂહરચના અમલીકરણ બંને બૌધિક પ્રક્રિયા છે.
(B) વ્યૂહરચના ઘડતર અને વ્યૂહરચના અમલીકરણ બંને વહીવટી પ્રક્રિયા છે.
(C) વ્યૂહરચના ઘડતર વહીવટી પ્રક્રિયા અને વ્યૂહરચના અમલીકરણ બૌધિક પ્રક્રિયા છે.
(D) વ્યૂહરચના ઘડતર બૌધિક પ્રક્રિયા અને વ્યૂહરચના અમલીકરણ વહીવટી પ્રક્રિયા છે.
36.અસરકારક વ્યૂહરચના ના અમલીકરણ ને આંતરિક અવરોધો સાથે નીચેના પૈકી ક્યુ પરિબળ સુસંગત નથી?
(A) અપરિવર્તનશીલતા (B) સંકુચિત માનસિકતા ધરાવતા અધિકારીઓએ
(C) સ્થાપિત મૂલ્યો, શૈલીઓ અને પ્રણાલિકાઓ (D) કુદરતી સાધનો ની અછત
37.અસરકારક વ્યૂહરચના ના અમલીકરણ ને બાહ્ય અવરોધો સાથે નીચેના પૈકી ક્યુ પરિબળ સુસંગત નથી?
(A) રાજકીય દખલગીરી (B) સામાજિક પર્યાવરણ (C) સંચાલકો ની પ્રણાલિકાગત વિચારસરણી (D) ઝડપી ટેકનોલોજીકલ પરિવર્તનો
38.સૌથી પ્રાચીન, ખૂબ સરળ અને સૌથી ઓછું જટિલ વ્યવસ્થાતંત્ર નું માળખું કે જ્યાં બધી જ સત્તા કોઈ એક જ વ્યક્તિ પાસે કેન્દ્રિત હોય – આવું નીચેના પૈકી ક્યુ માળખું છે?
(A) સાદુ વ્યવસ્થાતંત્ર (B) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર (C) બહુવિભાગીય માળખું (D) વ્યૂહાત્મક ધંધાકીય એકમ નું માળખું
39.ધંધાકીય એકમ ની પ્રવૃતિઓનું વિવિધ કાર્યોમાં વિભાજન કરવું અને આ કાર્યો મુજબ માળખા ની રચના કરવી – આને ક્યાં પ્રકાર નું વ્યવસ્થાતંત્રીય માળખું કહેવાય?
(A) સાદું વ્યવસ્થાતંત્ર (B) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર (C) બહુ-વિભાગીય માળખું (D) વ્યૂહાત્મક ધંધાકીય એકમ નું માળખું
40.જ્યારે એકમ તેની પેદાશ કે સેવામાં વૈવિધ્યીકરણ લાવે, બજાર નો ખૂબ મોટા ભૌગોલિક વિસ્તારમાં ફેલાવો કરે અથવા ગ્રાહકો ના જુદા-જુદા જૂથોને વિશિષ્ટ રીતે સેવા આપવાનું શરૂ કરે ત્યારે નીચેના પૈકી ક્યુ માળખું સૌથી વધુ અનુકૂળ ગણાય?
(A) સાદું વ્યવસ્થાતંત્ર (B) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર (C) બહુ-વિભાગીય માળખું (D) વ્યૂહાત્મક ધંધાકીય એકમ નું માળખું
41.નીચેના પૈકી ક્યાં માળખા માં બહુવિધિ હુકમ પધ્ધતિ છે તેમજ પ્રોજેક્ટ અને કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર નું મિશ્રણ છે?
(A) સાદું માળખું (B) કાર્યાનુસાર માળખું (C) શ્રેણિક માળખું (D) નેટવર્ક વ્યવસ્થાતંત્ર માળખું
42.નીચેના પૈકી ક્યું માળખું “કરોળીયા ના જાળાં” સ્વરૂપે માળખું અથવા બિન-માળખું” તરીકે ઓળખાય છે?
(A) સાદું માળખું (B) કાર્યાનુસાર માળખું (C) શ્રેણિક માળખું (D) નેટવર્ક વ્યવસ્થાતંત્ર માળખું
43.કાર્યકારી સપાટીએ વાર્ષિક ઉદ્દેશો ની સિધ્ધી માટે ઘડવામાં આવતી ટૂંકા ગાળા ની યોજના એટલે –
(A) ગ્રાન્ડ વ્યૂહરચના (B) કાયકારી વ્યૂહરચના (C) વ્યૂહાત્મક આયોજન (D) કાર્યકારી અંકુશ
44.વ્યૂહરચના ના અમલીકરણ માટે નીચેના પૈકી કોણ વિશિષ્ટ અને પાયારૂપ ભૂમિકા ભજવે છે?
(A) કાર્યકારી સંચાલકો (B) નિરિક્ષકો (C) મુખ્ય વહીવટી અધિકારી (D) ટેકનિકલ સ્ટાફ
45.કોર્પોરેટ સપાટી ના અધિકારીઓ દ્વારા ગ્રાન્ડ વ્યૂહરચના ની કામગીરી પર દેખરેખ રાખવી અને મૂલ્યાંકન કરવું એટલે –
(A) વ્યૂહાત્મક અંકુશ (B) કાર્યકારી અંકુશ (C) વ્યૂહાત્મક આયોજન (D) કાર્યકારી આયોજન
46.વાર્ષિક લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે માર્ગદર્શન, દેખરેખ અને પ્રગતિ મૂલ્યાંકન માટેની પધ્ધતિ એટલે –
(A) વ્યૂહાત્મક અંકુશ (B) કાર્યકારી અંકુશ (C) વ્યૂહાત્મક આયોજન (D) કાર્યકારી આયોજન
47.નીચેના પૈકી કઈ પધ્ધતિ કાર્યકારી અંકુશ ની પધ્ધતિ છે?
(A) સમય નિર્ધારણ (B) અમલીકરણ દરમિયાન અંકુશ (C) પૂર્વધારણા પર નો અંકુશ(D) વ્યૂહાત્મક જાપ્તિ અંકુશ
48.કાર્યકારી પ્રવૃતિઓ સમયસર પૂર્ણ કરવા માટે તથા તે સમયગાળા દરમિયાન ઉપલબ્ધ સાધનો નો ઇષ્ટતમ ઉપયોગ કરવા નીચેના પૈકી ક્યો અંકુશ ઉપયોગી છે?
(A) અંદાજપત્રીય અંકુશ (B) વિશિષ્ટ જાગૃતિ અંકુશ (C) અમલીકરણ દરમિયાન અંકુશ(D) સમય નિર્ધારણ અંકુશ
49.વ્યૂહાત્મક અંકુશ અને કાર્યકારી અંકુશ વચ્ચે હેતુઓ ની દ્રષ્ટિએ તફાવત સાથે નીચેના પૈકી શું સુસંગત છે?
(A) વ્યૂહાત્મક અંકુશ ટૂંકાગાળા ના ઉદ્દેશો ધ્યાન માં લે છે અને કાર્યકારી અંકુશ લાંબાગાળા ના ઉદ્દેશો ધ્યાન માં લે છે.
(B) વ્યૂહાત્મક અંકુશ અને કાર્યકારી અંકુશ બંને લાંબાગાળા ના ઉદ્દેશો ધ્યાન માં લે છે.
(C) વ્યૂહાત્મક અંકુશ લાંબાગાળા ના ઉદ્દેશો ધ્યાન માં લે છે અને કાર્યકારી અંકુશ ટૂંકાગાળા ના ઉદ્દેશો ધ્યાન માં લે છે.
(D) વ્યૂહાત્મક અંકુશ અને કાર્યકારી અંકુશ બંને ટૂંકાગાળા ના ઉદ્દેશો ધ્યાન માં લે છે.
50.નીચેના પૈકી ક્યું વિધાન ખોટું છે?
(A) શ્રેણીક માળખું પ્રોજેક્ટ અને કાર્યાનુસાર વ્યવસ્થાતંત્રીય માળખા નું મિશ્રણ છે.
(B) પૂર્વધારણા પર નો અંકુશ અને વિશિષ્ટ જાગૃતિ અંકુશ વ્યૂહાત્મક અંકુશ ની પધ્ધતિઓ છે.
(C) મૂડી ની પ્રાપ્તિ, ભંડોળો નો ઉપયોગ, નફા ની વહેંચણી વગેરે નાણાં અંગે કાર્યકારી વ્યૂહરચનાઓ સાથે સબંધ ધરાવે છે.
(D) વ્યૂહરચના ઘડતર ની ધંધાકીય એકમ અને કાર્યકારી સપાટી એ જરૂર પડે છે જ્યારે વ્યૂહરચના અમલીકરણ ની કોર્પોરેટ સપાટીએ જરૂર પડે છે.

-------